# આજે હિંમતનગરમાં ભાજપના સ્નેહ સંમેલનમાં મુખ્યમંત્રી હાજર રહેશે

## મુખ્યમંત્રી બન્યા બાદ પ્રથમવાર હિંમતનગરની મુલાકાતે

બાયડ તા.૧૨

ભારતીય જનતા પાર્ટી સાબરકાંઠા જિલ્લા દ્વારા નૂતન વર્ષ અંતર્ગત સ્નેહમિલન સમારોહ ૧૩ નવેમ્બર શનિવારના રોજ યોજાનાર છે જેની વિગત આપતા જિલ્લા ભાજપ પ્રમુખ જે.ડી. પટેલ, મહામંત્રી વિજયભાઈ પંડ્યા, મહેન્દ્રસિંહ રહેવર તથા ધારાસભ્ય રાજેન્દ્રસિંહ ચાવડાએ જણાવેલ કે આપણાં નવ નિયુક્ત મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ પ્રથમ વખત હિંમતનગર આવી રહ્યા છે અને તે પણ આપણાં ભાજપના સ્નેહમિલન સમારોહ માં એટલે સ્વાભાવિક રીતે કાર્યકર્તાઓમાં અનેરો ઉત્સાહ હોય હિંમતનગર શહેર પાસે આવેલ કાંકણોલ સ્વામિનારાયણ મંદિરે યોજાનાર આ કાર્યક્રમ સવારે દસ વાગ્યાનો છે જેમાં અન્ય ભાજપના પ્રદેશ મહામંત્રી અને પૂર્વ ગૃહમંત્રી તેમજ ઉત્તર ઝોનના પ્રભારી રજનીભાઈ પટેલ, પ્રભારીમંત્રી કુબેરભાઈ ડીડોર, આપણા જિલ્લાના મંત્રી ગજેન્દ્ર સિંહ પરમાર, સાંસદ દિપસિંહ રાઠોડ, રમીલાબેન બારા ની ઉપસ્થિતિમાં યોજાનારા સ્નેહમિલન સમારંભમાં સૌ કાર્યકર્તાના અરસ પરસ થી એકબીજાને મળવાનું થાય સરકાર અને સંગઠન દ્વારા પક્ષની વિચારધારાને મજબૂત કરવી સરકારની યોજનાઓનો લાભ તમામ જરૂરિયાત મંદોને મળે અને તેમના જીવનમાં આર્થિક ઉન્નતિમાં વધારો થાય તેવી નેમ સાથે સ્નેહમિલન સમારોહ યોજાશે. જેમાં સૌ કાર્યકર્તાઓ ને આમંત્રણ આપવામાં આવેલ છે. તેમ પ્રેસ મીડિયા ઈન્ચાર્જ પંકજભાઈ ધુવાડ એ જણાવ્યું છે

# પ્રાંતિજ ખાતે શ્રી કાશીવિશ્વનાથ મહાદેવ મંદિર ખાતે ભગવાન સત્યનારાયણની કથા યોજાઈ

## રુદ્રાક્ષ શ્રવણયાત્રા દ્વારા સંકલ્પ પૂર્ણ થતા કથાનું આયોજન






પ્રાંતિજ તા.૧૨

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે આવેલ શ્રી કાશીવિશ્વનાથ મહાદેવ મંદિર ખાતે રુદ્રાક્ષ શ્રવણયાત્રા ગુપ દ્વારા વૈષ્ણદેવી યાત્રા નુ આયોજન કરવામા આવ્યુ હતુ અને યાત્રા કોઈ પણ પ્રકાર ના વિધ્ન વગર પૂર્ણ થતા ભગવાન સત્યનારાયણ ભગવાન ની કથા યોજાઈ.

તાજેતરમાંજ રુદ્રાક્ષ ગુપ દ્વારા શ્રી બાવીસ ગામ તપોધન બ્રાહ્મણ સમાજ ના ગામો માથી સમાજ ના ભાઈ-બહેનોને શ્રવણ યાત્રા નુ આયોજન કરવામા આવ્યુ હતુ જેમા આ વર્ષે શ્રી વૈષ્ણદેવી ખાતે લઈ જવામા આવ્યા હતા ત્યારે રુદ્રાક્ષ ગુપ દ્વારા શ્રવણ યાત્રા શાન્તિ મંય રીતે પૂર્ણ થતા રુદ્રાક્ષ ગુપ દ્વારા પ્રાંતિજ ખાતે આવેલ શ્રી કાશીવિશ્વનાથ મહાદેવ મંદિર ખાતે આવેલ હોલ મા ભગવાન સત્યનારાયણ ની કથાનુ આયોજન કરવામા આવ્યુ હતુ જેમા પ્રાંતિજ ખાતે રહેતા સમાજ ના ભાઈઓ દ્વારા ભગવાન સત્યનારાયણ ની કથાનો લાભ લીધો હતો અને પ્રસાદ લઈ ને ધન્યતા અનુભવી હતી.

## જન્મદિને વધામણી



બિપીનભાઈ શાહ
પ્રમુખ,મોડાસા કેળવણી મંડળ
મોડાસા



આકાશ દેવેન્દ્ર ભાઈ પટેલ
બાયડ
જિ,અરવલ્લી



સુરેશભાઈ એચ.જયસ્વાલ
બાયડ

# ભારતનું એકમાત્ર પક્ષી મંદિર

## ગુજરાતના સાબરકાંઠા જિલ્લામાં, નિહાળવા ઉમટે છે દેશ-વિદેશના પ્રવાસીઓ

**સાત મંદિરોનો સમૂહ ધરાવતું આ પ્રાચીન સ્થાપત્યમાં પૂર્વ ચાલુક્ય શૈલીની કલા- કારીગરી જોવા મળે છે. : ગુજરાતીઓના પક્ષીપ્રેમની સાબીતી આપતું આ મંદિર ૧૫૦૦ વર્ષ જૂનું છે : દેવી દેવતાઓના સ્થાને મોર,પોપટ અને અન્ય પક્ષીઓની પ્રતિકૃતિઓ : મંદિરમાં સુશોભન કરેલી ધાતુઓની તકિતમાં દેવ- દેવી કે સંત- મહાત્માની જગ્યાએ પ્રાણીઓ અને પક્ષીઓના આકાર કોતરેલા છે. તેથી આ મંદિર પશુ-પક્ષીના મંદિર તરીકે ઓળખાય છે : આ સ્થળ પરથી કેટલાક શિલ્પો પણ એકત્રિત કરી વડોદરાના મ્યુઝિયમ અને પિક્ચરી ગેલેરીમાં રાખવામાં આવ્યા છે. : સાબરકાંઠામાં સાતમી સદીથી અડીખમ ઉભેલું પક્ષી મંદિર ધીરે ધીરે નાશ પામી રહ્યું છે**











બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૨

સાબરકાંઠા જિલ્લાના હિંમતનગર શહેરની પૂર્વ દિશા તરફ પંદર કિ.મી.ના અંતરે રોડા ગામ આવેલું છે. રોડા ગામના સીમાડામાં પ્રાચીન અવશેષો ધરાવતા સાત મંદિરો આવેલા છે. સાત મંદિરોનો સમૂહ ધરાવતું આ પ્રાચીન સ્થાપત્યમાં પૂર્વ ચાલુક્ય શૈલીની કલા- કારીગરી જોવા મળે છે. આ મંદિરો રોડાના મંદિર તરીકે ઓળખાય છે.મહત્ત્વની વાત એ છે કે આ મંદિરમાં સુશોભન કરેલી ધાતુઓની તકિતમાં દેવ-દેવી કે સંત- મહાત્માની જગ્યાએ પ્રાણીઓ અને પક્ષીઓના આકાર કોતરેલા છે. તેથી આ મંદિર પશુ- પક્ષીના મંદિર તરીકે ઓળખાય છે. અને ભારતમાં આ એક માત્ર પશુ- પક્ષીઓનું મંદિર છે.આ મંદિરના સ્થાપત્યમાં સ્તંભો, દરવાજા, કમાનો તેમજ દીવાલો ઉફર ઉપસાવેલી ભાતવાળી કિનારીઓ પરથી આ મંદિરનું નિર્માણ સાતમી અને નવમી સદી વચ્ચે થયું હોવાનું કહેવાય છે. સામાન્ય રીતે મંદિરની અંદર દેવ- દેવતા અથવા સંત મહાત્માની મૂર્તિઓ હોય છે, પરંતુ આ મંદિરમાં પશુ- પક્ષીઓની મૂર્તિઓ બનાવવામાં આવી છે. સાતમી સદીમાં બનેલા આ પક્ષી મંદિરો આપણને રાજા- રજવાડાઓના પક્ષી પ્રેમની યાદ અપાવે છે, પરંતુ આજની પેઢીને આવા અલભ્ય સ્થાપત્યો પ્રત્યે જાગૃત કરવી ખૂબ જ જરૂરી છે.આ સાત મંદિરોના સમૂહમાંથી બે મંદિરો સમયની સાથે નાશ પામ્યા છે.

મંદિરની અંદરની કેટલીક પ્રતિમાઓ પણ આજે હયાત નથી. આ મંદિરો એ વાતની સાક્ષી આપે છે કે આજે પશુ-પક્ષીઓને બચાવવા માટે વિવિધ અભિયાનો હાથ ધરવા પડે છે. ત્યારે નવમી સદીમાં લોકો દેવી- દેવતાની સાથે સાથે પશુ-પક્ષીઓની પણ પૂજા કરતા હતા.આ મંદિરની આસપાસ અસંખ્ય વૃક્ષો આવેલા છે. જેના પર આજે પણ હજારો પક્ષીઓ વાસ કરે છે. મંદિર તથા મંદિરની આજુબાજુનું વાતાવરણ આજે પણ પક્ષીમય બની જાય છે. આ મંદિરો પૈકી સૌથી જૂનું મંદિર અદ્વિતિય અને અજોડ સ્થાપત્ય શૈલી ધરાવે છે.૧૪૦૦ વર્ષ જુનું આ પક્ષી મંદિર હવે ધીરે ધીરે નાશ પામી રહ્યું છે. દેશ-વિદેશથી આવતા અનેક પર્યટકો આજે પણ આ પક્ષી મંદિરની મુલાકાત લેવાનું ચૂકતા નથી.

ખેડ-રોડા સ્મારક સમૂહ અથવા રોડાના મંદિરો ગુર્જર-પ્રતિહાર અથવા રાષ્ટ્રકૂટ સમયમાં ૮મી-૯મી સદી દરમિયાન બાંધવામાં આવેલા સાત હિંદુ મંદિરોનો સમાવેશ કરે છે. તેમાં એક કુંડ અને વાવ પણ છે. તે સાબરકાંઠા જિલ્લાના રાયસિંગપુરા (રોડા) અને ખેડ-ચાંદરણી ગામોની વચ્ચે હિંમતનગરથી ૧૮ કિમીના અંતરે આવેલા છે. આ સ્મારકો હાથમતી નદીમાં ભળી જતા એક મોસમી પ્રવાહના કાંઠે આવેલા છે.રોડા શબ્દનો અર્થ ગુજરાતીમાં ઈંટના ટુકડાઓ થાય છે. આ સ્થળનું નામ તેના ખંડેરો તેમજ તેની નજીકના ગામ પરથી ઉતરી આવ્યું છે ખેડ ચાંદરણી નજીકનું ગામ છે.

### પુરાતત્વીય ઈતિહાસ :

આ સ્થળની શરૂઆતી પુરાતત્વીદોને જાણ નહોતી. તેનો અભ્યાસ ૧૯૨૬માં પી. એ. ઈનામદાર અને ત્યારબાદ યુ.પી. શાહ અને એમ. એ. ઢાંકીએ ૧૯૬૦ના દાયકામાં કર્યો હતો. ઢાંકીએ આ સ્મારકોને સોલંકી શૈલીના મંદિર સ્થાપત્ય શૈલીના પ્રપિતામહ ગણાવ્યા હતા, જે મારુ-ગુર્જર તરીકે ઓળખાતા હતા.

આ સ્થળની શરૂઆતી પુરાતત્વીદોને જાણ નહોતી. તેનો અભ્યાસ ૧૯૨૬માં પી. એ. ઈનામદાર અને ત્યારબાદ યુ.પી. શાહ અને એમ. એ. ઢાંકીએ ૧૯૬૦ના દાયકામાં કર્યો હતો. ઢાંકીએ આ સ્મારકોને સોલંકી શૈલીના મંદિર સ્થાપત્ય શૈલીના પ્રપિતામહ ગણાવ્યા હતા, જે મારુ-ગુર્જર તરીકે ઓળખાતા હતા.

### સ્મારકો :

આ સ્થળ પર ૭ મંદિરો છે અને સાતમા મંદિરનો પુરાવો હાજર છે. આ બધાં જ મંદિરો પૂર્વ દિશામાં મુખ ધરાવે છે.પ્રથમ બે મંદિરો જે માર્ગની બાજુમાં આવેલા છે તેમાંનું પ્રથમ શિવને સમર્પિત છે (ક્રમાંક ૧) અને પક્ષી મંદિર (ક્રમાંક ૨) કોઈ મૂર્તિઓ ધરાવતું નથી પણ તેમાં પક્ષીઓની કોતરણી છે, જેથી પક્ષી મંદિક કહેવાય છે. ક્રમાંક ૨ મંદિર બધાં મંદિરોમાં સૌથી નાનું છે. ૫૦૦ મીટરના અંતરે મોટો ચોરસ આકારનો લાડુશાહ કુંડ આવેલો છે, જે તેના ચારેય ખૂણે કોતરણીઓ અને નાનાં મંદિરો ધરાવે છે. આમાંથી બે મંદિરો (ક્રમાંક ૩



અને ૫) અનુક્રમે શિવ અને વિષ્ણુના છે અને ત્રીજા મંદિરનો પાયો (ક્રમાંક ૪) આ બેની વચ્ચે છે. અન્ય બે મંદિરો દેવીઓ અને સૂર્યને સમર્પિત છે. વહેણની સામી બાજુએ અન્ય એક ધાર્મિક સ્થળ આવેલું છે જે દરવાજા પર નવગ્રહ ધરાવે છે અને નવગ્રહ મંદિર (ક્રમાંક ૬) તરીકે ઓળખાય છે. તેનાંથી કેટલાક અંતરે ખંડિત મંદિર આવેલું છે (ક્રમાંક ૭) જે સમગ્ર સમૂહોમાં સૌથી મોટું છે. મંદિર ક્રમાંક ૭ની નજીક પથ્થરના પગથિયાઓ આવેલા છે, જે નદી તરફ દોરી જાય છે પણ તે સારી સ્થિતિમાં નથી. તેમાં ગણેશની મૂર્તિ છે, જેથી તે ગણેશ મંદિર અથવા શિવ મંદિર તરીકે ઓળખાય છે. આ મંદિરો ૨૦૦૧ના ધરતીકંપમાં નુકશાન પામ્યા હતા પરંતુ તેનું સમારકામ કરવામાં આવ્યું હતું. આ મંદિરોના બાંધકામમાં સિમેન્ટ જેવો કોઈ પદાર્થ વપરાયો નથી અને મંદિરોનો પાયો તેના વજન પર ટકી રહ્યો છે સ્થળ પરથી મળેલી મૂર્તિઓ હવે વડોદરાના બરોડા મ્યુઝિયમ એન્ડ પિક્ચર ગેલેરીમાં રાખવામાં આવી છે. આ મૂર્તિઓ વિવિધ હિંદુ દેવી-દેવતાઓની છે. તેમાં એક સૂર્ય દેવની મૂર્તિ પણ છે. નાગરાણી વાવ નજીકમાં આવેલા ખેડ ચાંદરણી ગામના પાદરે આવેલી છે.

### સ્થાપત્ય :

આ મંદિરો મહા-ગુર્જર પરંપરાની આનર્ત શાખામાં વર્ગીકૃત કરવામાં આવ્યા છે.

મંદિર ક્રમાંક ૧ નિરંધારા સ્થાનક છે જે દ્વિ-અંગ રચના ધરાવે છે. તેની મુખ પૂર્વ દિશામાં આવેલું છે. મંદિરનો મંડપ ચાર સ્તંભો સાથે પ્રાગ-ગ્રિવા શૈલીનો છે. ગર્ભગૃહ ચોરસ છે. પાયો પટ્ટીઓ અને ભીંત ધરાવે છે. પાયા પર પ્રદક્ષિણા માટેની જગ્યા છે. મંદિરની બાહ્ય દિવાલો કોઈ શણગાર ધરાવતી નથી. મંડપની ઉપર ફાંસન પ્રકારની છત છે અને મુખ્ય ભાગ પર જાડી જાળી જેવી કોતરણી છે.ચટ્ટ તેની ઉપર વિશાળ અમાલક છે. મંદિર ક્રમાંક ૨ પર ફાંસન પ્રકારની છત છે, જે સામાન્ય પ્રકારની નથી. મંદિર ક્રમાંક ૩ લગભગ મંદિર ક્રમાંક ૧ જેવું છે, પરંતુ તે ત્રિ-અંગ રચના ધરાવે છે. મંદિર ક્રમાંક ૪માં પરસાળ સાથેનું ગર્ભગૃહ છે, જ્યારે અન્ય મંદિર પ્રાગ-ગ્રિવા ધરાવે છે. ક્રમાંક ૭ સિવાય બધાં મંદિરોના સ્તંભો રુચકા પ્રકારના છે અને ઉપરના ભાગે કોતરણીઓ ધરાવે છે. છત મોટાભાગે સપાટ અને ફૂલ તેમજ અન્ય ભૌમિતિક આકારોની કોતરણીઓ ધરાવે છે. આ મંદિરોમાં ઝીણવટભરી કોતરણીઓ માત્ર દરવાજાઓ પર અને પરસાળના સ્તંભોમાં જ છે. પાયાની કોતરણી ઓછી અને મોટી છે. નરસિંહ, ત્રિવિક્રમ અને વરાહની મૂર્તિઓ વિષ્ણુ મંદિરમાં આવેલી છે. નદીના વળાંક આગળ શિવ મંદિર (ક્રમાંક ૭) આવેલું છે. જ્યારે વિષ્ણુ મંદિર ક્રમાંક ૮ છે. તેમાં દરવાજો શણગારેલો છે, પરંતુ વિસ્તૃત રીતે કોતરણી થયેલી નથી. કુંડ ઉત્તર બાજુએથી નુકશાન પામ્યો છે. અહીં નાનાં પ્રાંગણ સાથે ચાર દેવસ્થાનો કુંડના ચાર ખૂણે આવેલા છે. તે સપ્તમાતૃકા, વિષ્ણુ, ગણેશ અને દેવીઓને સમર્પિત છે.

### સમયગાળો :

આ મંદિરો ૮મી થી ૯મી સદીના (મૈત્રકકાળ પછીના) છે. મંદિરની શૈલી અને અન્ય મંદિરો જોડેની સમાનતા પરથી, તે ગુર્જર-પ્રતિહાર અથવા રાષ્ટ્રકૂટોના શાસન સમયે બે સદીના સમયગાળા દરમિયાન બંધાયા હશે. અહીંથી મળેલી શિવ-પાર્વતીની પ્રતિમા (હવે વડોદરાના સંગ્રહાલયમાં) પર સંવત ૧૧૦૪ (ઈ.સ. ૧૦૪૮)ના વર્ષનું લખાણ છે. તેથી એવું માનવામાં આવે છે કે આ સ્થળનું બાંધકામ બે સદીઓ સુધી ચાલ્યું હતું. નાગરાણી વાવ પર સંવત ૧૪૭૪ (ઈ.સ. ૧૪૧૮)નું લખાણ છે.



# અડા આઠમ દરજી સમાજનું સ્નેહ સંમેલન તેમજ સન્માન સમારોહ યોજાયો



બાયડ તા.૧૨

અડાઆઠમ દરજી સેવા સમિતિ મોડાસા દ્વારા જેસીસ હૉલ મોડાસા ખાતે અડાઆઠમ દરજી સમાજનું સ્નેહ સંમેલન તેમજ સન્માન સમારોહનું તારીખ:૭/ ૧૧/૨૦૨૧ ને રવિવારના રોજ આયોજન કરવામાં આવ્યું તથા પોતાના કાર્યક્ષેત્રમાં ઉત્કૃષ્ટ કામગીરી કરી સમાજનું નામ રોશન કરવા બદલ તથા નિવૃત્ત થયેલા કર્મચારીઓનું ફૂલહાર અને મોંમેન્ટોથી સન્માન કરવામાં આવ્યું તેમજ દાતાશ્રી હરેશભાઈ ડાહ્યાભાઈ દરજી ગામ: નાંદીસણ દ્વારા સમાજના અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓને સ્કૂલબૅગનું વિતરણ કરવામાં આવ્યું..સૌ જ્ઞાતિજનો સાથે મળી પ્રિતિભોજન લઈ સમારંભ ની પૂર્ણાહુતિ કરી....

# સ્વસ્થ સમાજના નિર્માણ માટે સરકાર કટિબધ્ધ છે : મંત્રી પ્રદિપભાઈ પરમાર

મહેસાણા, તા. ૧૨

સામાજિક ન્યાય અધિકારીતા મંત્રી પ્રદિપભાઈ પરમારના અધ્યક્ષ સ્થાને મહેસાણા જિલ્લા કક્ષાના નિરામય ગુજરાત અભિયાનનો શુભારંભ વિસનગર ખાતે કરવામાં આવ્યો હતો.



આ પ્રસંગે સામાજિક ન્યાય અધિકારીતા મંત્રી પ્રદિપભાઈ પરમારે જણાવ્યું હતું કે , સ્વસ્થ ભારતના પાયામાં વ્યક્તિનું સ્વાસ્થ્ય અંગેનું સ્વ ચિંતન એજ જાગૃતિ છે, તેથી જો વ્યક્તિ સ્વયં પોતાના આરોગ્યની ચિંતા કરશે અને આરોગ્ય વિભાગ તેમાં સહભાગી થશે તો જ સ્વસ્થ સમાજનું નિર્માણ થઈ શકશે. વ્યક્તિ પોતે જાગૃત બને, પરિવાર જાગૃત બને તો આરોગ્યલક્ષી અનેક ફાયદાઓ મેળવી શકાય છે.

મંત્રીશ્રીએ ઉમેર્યુ હતુ કે સ્વસ્થ સમાજના નિર્માણ માટે રાજ્ય સરકારે માતાઓ, બાળકો તથા વડીલોના આરોગ્યની જાળવણી થાય તેની કાળજી લીધી છે. આ કાર્યક્રમ પૂર્વ તપાસ અને યોગ્ય સારવાર વડે બીમારીને આગળ વધતી અટકાવવામાં મદદરૂપ બનશે.

આ પ્રસંગે સાંસદ શ્રીમતી શારદાબેન પટેલે જણાવ્યું હતું કે "પહેલું સુખ તે જાતે નર્યા" તેની સરકારે ચિંતા કરી છે. લોકોને રોગ થાય તે પહેલાં જ તેની જાણકારી મળી જાય તે માટેની કાળજી સરકાર દ્વારા લેવાઈ રહી છે જેના થકી લોકોનું આરોગ્ય જળવાશે તેમજ દવાના ખર્ચમાંથી મુક્તિ મળશે

આ તકે જિલ્લા કલેકટર ઉદિત અગ્રવાલે એ કાર્યક્રમની રૂપરેખા રજૂ કરી પ્રાસંગિક ઉદબોધન કર્યું હતું તેમજ ઉપસ્થિત સૌ કોઈએ પાલનપુર ખાતેથી મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના અધ્યક્ષ સ્થાને યોજાયેલ રાજય કક્ષાના કાર્યક્રમનું જીવંત પ્રસારણ નિહાળ્યું હતું.

# ઈડર બેતાલીસ લિમ્બાચીયા સમાજનું સ્નેહ સંમેલન- સન્માન સમારોહ યોજાયો





નેત્રામલી, તા. ૧૨

ઈડર બેતાલીસ લિમ્બાચીયા સમાજ કેળવણી મંડળના ઉપક્રમે ૧૪મુ સ્નેહ સંમેલન અને તેજસ્વી વિદ્યાર્થીઓનો સન્માન સમારોહ લાલોડા ગામ મુકામે યોજાયો. આ પ્રસંગે સમારંભ અધ્યક્ષ તરીકે પરેશભાઈ વૈધ (અમદાવાદ), મુખ્ય મહેમાન તરીકે જંયતિભાઈ નાયી (વડાવલી ) તથા ઈનામના દાતાશ્રી સ્વ.નારાયણભાઈ નાયી ( લાલોડા ) ભોજનના દાતાશ્રી સ્વ. દેવચંદભાઈ, સ્વ. ગુણવંતીબેન ( લાલોડા ), કોરોના વૉરિયર્સ સન્માન દાતા મંજુલાબેન લિમ્બાચિયા ( લાલોડા ) તરફથી આપવામાં આવ્યું હતું. સર્વે દાતાશ્રીઓનો સમાજવતી આભાર વ્યક્ત કરી પ્રમુખ વિષ્ણુભાઈ લિમ્બાચીયા દ્વારા સમાજના આગેવાનો સાથે મિટિંગ યોજી આગામી સમુહલગ્ન વિશે ચર્ચાવિચારણા કરવામાં આવી હતી.

# હિંમતનગરમાં કાનૂની સેવા પ્રદર્શન યોજાયું

ગાંભોઈ, તા.૧૨

હિંમતનગર કાનૂની સેવા સત્તા મંડળ સાબરકાંઠા હિંમતનગર નામદાર નેશનલ લીગલ સર્વિસ ઓર્થોરિટી દ્વારા આઝાદી કા અમૃત મહોત્સવ કાર્યક્રમના ભાગરૂપે લીગલ વીકની ઉજવણી નિમિત્તે જજ એ.એ.વાયડા અને વકીલ પૃથ્વીસિંહ ઝાલાની ઉપસ્થિતિમાં હિંમતનગર એસ.ટી. ડેપો ખાતે પ્રદર્શન યોજવામાં આવ્યું હતું. જેમાં મોટી સંખ્યામાં જનતાએ હાજર રહી માર્ગદર્શન અને માહિતી મેળવી હતી.

